# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

સત્યમેવ જયતે

કિચન બ્લોક, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર જિ-બનાસકાંઠા
(ISO 9001:2008 Certified)
ફોન નંબર : 02742 257055 E-mail Id : bnsdeo@gmail.com


ક્રમાંક:સરકારી/મકમ/જ્ઞાનસહાયક/૨૦૨૬/ ૨૩ - ૨૭ તારીખ :-૦૨ /૦૧/૨૦૨૬

પ્રતિ,

(૧) આચાર્યશ્રી,

સરકારી, આર.એમ.એસ.એ., મોડેલ, મોડેલ ડે શાળાઓ, તમામ.

(૨) પ્રમુખશ્રી/મંત્રીશ્રી તેમજ આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ

(આશ્રમ શાળાઓ સહીત), તમામ.

જિલ્લો-બનાસકાઠા અને વાવ-થરાદ.

વિષય :- જ્ઞાન સહાયકોને હાજર કરવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.), તા.૧૦/૦૭/૨૦૨૩.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/2870/G, તા.૧૧/૦૭/૨૦૨૫.

(૩) મેરીટ-કમ-પ્રેફરન્સના આધારે ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ શાળા પસંદગી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત (૧) અને (૨) ના ઠરાવો તેમજ વખતો વખતની સુધારાઓની જોગવાઇઓ અનુસાર અત્રેની કચેરી હેઠળની સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન જ્ઞાન સહાયક ભરતી અન્વયે પ્રમાણપત્રોની ચકાસણી તેમજ ઉમેદવારોને શાળા પસંદગી આપવા અંગેની કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કેમ્પના અંતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારશ્રીઓ દ્વારા સંદર્ભ દર્શિત (૩) થી મેરીટ-કમ-પ્રેફરન્સના આધારે શાળા પસંદગી કરવામાં આવેલ.

મેરીટ-કમ-પ્રેફરન્સના આધારે શાળા પસંદગી કરેલ ઉમેદવારો પોતાને ફાળવવામાં આવેલ શાળા ખાતે દિન-૦૭ માં હાજર થવા આવ્યેથી અત્રેની કચેરી ખાતે પ્રમાણપત્રોની ચકાસણી કરાવ્યા બદલની પહોંચ તેમજ શાળા ફાળવણી પત્રની નકલ મેળવ્યા બાદ વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી નિયત કરવામાં આવેલ પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરી ફરજીયાત પણે હાજર કરવાનાં રહેશે. હાજર કરવાની મનાઇ કરનાર સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

ઉમેદવારોને હાજર કરતાં પહેલા નિયત નમૂનાના કરારપત્રમાં ઉમેદવાર તેમજ સરકારી, આર.એમ.એસ.એ., મોડેલ, મોડેલ ડે શાળાઓના કિસ્સામાં શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતિના વડા તરીકે સંબંધિત શાળાના આચાર્ય તેમજ બિન સરકારી અનુદાનિત (આશ્રમ શાળાઓ સહીત) શાળાના કિસ્સામાં શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/મંડળ દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિની સહીથી કરાર કરવાનાં રહેશે. જેની એક નકલ ઉમેદવારને આપવાની રહેશે.

**નીચે મુજબના આધારો રૂબરૂમાં અત્રેની કચેરી ખાતેની સંબંધિત શાખામાં જ્ઞાન સહાયક હાજર થયેથી દિન-૦૧ માં ફરજીયાત પણે મોકલી આપવાની રહેશે.**

1) કરારપત્રની એક અસલ કોપી
2) જ્ઞાન સહાયકના આધારકાર્ડની પ્રમાણિત નકલ
3) જ્ઞાન સહાયકની બેન્ક પાસબુક/કેન્સલ ચેકની પ્રમાણિત નકલ
4) શાળા ફાળવણી પત્રની પ્રમાણિત નકલ
5) જો જ્ઞાન સહાયક અગાઉ અન્ય શાળામાં ફરજ બજાવતાં હોય તો ત્યાથી મંજુર કરેલ રાજીનામાની નકલ

**કરાર આધારિત નિમણૂંક આપતા પહેલા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે**

1) જ્ઞાન સહાયક (માધ્યમિક) અને જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) માટેનો કરાર હાજર થયા તારીખથી ચાલું શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસ સુધી કરવાનો રહેશે.
2) જ્ઞાન સહાયક (માધ્યમિક) અને જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) માટે કરારનો સમયગાળો વેકેશન સિવાયનો રહેશે. કરારના સમયગાળામાંથી દિવાળી વેકેશન અને ઉનાળું વેકેશનનો સમયગાળો બાદ કરવાનો રહેશે અને તે મુજબ જ્ઞાન સહાયકનો પગાર આકારવાનો રહેશે.
3) જો ઉમેદવાર જ્ઞાન સહાયક તરીકે એક સ્થળે કાર્યરત હોય અને અન્ય જગ્યાએ પસંદગી પામેલ હોય તો તેને હાલ જ્ઞાન સહાયક તરીકે કાર્યરત શાળામાં રાજીનામું મંજુર કરાવેલ છે કે કેમ? તે વિગત ચકાસ્યા બાદ જ નવો હુકમ આપવાનો રહેશે.
4) હાજર થયેલ જ્ઞાન સહાયકનું અલગથી હાજરી પત્રક નિભાવવાનું રહેશે.

મદદનીશ કમિશનર
શિક્ષણ,આયોજન અને અમલીકરણ
પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી,
પાલનપુર,જી.બનાસકાંઠા.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

નકલ સવિનય રવાના :-

- મે.નિયામક સાહેબશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મે.નિયામક સાહેબશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મે.સચિવ સાહેબશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.